# સંપાદકીય

## શરમજનક ઘટનાઓ

બિહારના મુઝફ્ફરપુર બાદ ઉત્તર પ્રદેશનું દેવરિયા જે શરમજનક કારણોસર ચર્ચામાં છે, તેનાથી એ જ ખબર પડી રહી છે કે આપણા દેશમાં બાલિકા અથવા નારી સંરક્ષણ ગૃહ ચલાવવાનું કામ ધૂર્ત અને લંપટ પ્રકારના લોકો પણ કરી રહ્યા છે. તેનાથી પણ ચિંતાજનક વાત એ છે કે એવા સમાજવિરોધી તત્ત્વો પહોંચ ધરાવતા પણ સાબિત થઈ રહ્યા છે. જે રીતે એ સ્પષ્ટ છે કે મુઝફ્ફરપુરના બાલિકા આશ્રય ગૃહનું સંચાલન એક ખરાબ છબિ એ દાગદાર ભૂતકાળ ધરાવતા શખ્સના હાથમાં હતું, એવી જ રીતે એ માનવાનાં પૂરતાં કારણ છે કે દેવરિયા નારી સંરક્ષણ ગૃહની કમાન પણ શંકાસ્પદ પ્રકારના લોકોના હાથમાં પહોંચી ગઈ હતી. તેઓ સમાજ સેવાના નામે કઈ રીતે સમાજ-વિરોધી કામ કરી રહ્યા છે, તેની ખબર એ વાતે પડે છે કે દેવરિયાના નારી સંરક્ષણ ગૃહ વિષે સતત મળી રહેલ ફરિયાદોને કારણે તેને બંધ કરવાના આદેશ આપવા પડ્યા હતા. જિલ્લાના અધિકારીઓએ આ નિર્દેશની અવગણના કરીને અપરાધિક કૃત્ય કરીને એ શંકા પણ પેદા કરી કે ક્યાંક તેમણે ઢોંગી સમાજસેવીઓ સાથે સાંઠગાંઠ તો નથી કરી લીધી? સચ્ચાઈ જે પણ હોય, એ સારું થયું કે યુપી સરકારે કોઈ વિલંબ વગર જિલ્લા અધિકારી સહિત અન્ય સંબંધિત અધિકારીઓ વિરુદ્ધ સખ્તાઈ દાખવી. જોકે તેમને તેમની નિષ્ફળતા બદલ દંડ કરવો જરૂરી છે. બદલી કે બરતરફીને યોગ્ય દંડ ન કહી શકાય.

સમાજ અને દેશને શરમમાં મૂકનાર આવી ઘટનાઓમાં બોધ આપતી કાર્યવાહી કરવી જોઈએ, નહિ કે સંરક્ષણ ગૃહ ચલાવનારાઓ વિરુદ્ધ, બલ્કે સંબંધિક અધિકારીઓ વિરુદ્ધ પણ. આ શાસન-પ્રશાસનની નિષ્ફળતા જ છે કે એવાં તત્ત્વો આશ્રયસ્થળ ચલાવતા જોવા મળ્યા છે જેઓ એક રીતે સભ્ય સમાજના શત્રુ છે. આખરે જિલ્લા પ્રશાસન આટલું નકામું કઈ રીતે થઈ શકે કે તેઓ શંકાસ્પદ ગતિવિધિઓવાળા કોઈ સંરક્ષણ ગૃહની હકીકત ન જાણી શકે? એથી શરમજનક બીજું કશું ન હોઈ શકે કે બાલિકા અથવા નારી સંરક્ષણ ગૃહમાં આશ્રય લેનારી છોકરીઓ અને મહિલાઓને દેહ વ્યાપારમાં ધકેલી દેવામાં આવે. મુઝફ્ફરપુર અને દેવરિયાના સંરક્ષણ ગૃહોની શરમજનક તસવીર સામે આવ્યા બાદ એ નિતાંત અનિવાર્ય છે કે બિહાર અને ઉત્તર પ્રદેશ જ નહીં, દેશના અન્ય રાજ્યો પણ આ પ્રકારનાં આશ્રયસ્થળોની ગહન તપાસ કરાવે. આ એટલા માટે જરૂરી છે, કારણ કે એવાં સ્થળો સામાન્ય રીતે ઉપેક્ષિત જ વધુ હોય છે. દુર્ભાગ્યે આવા સ્થળો પ્રત્યે ઉપેક્ષાનો ભાવ શાસન પ્રશાસનમાં જ નહીં, સમાજમાં પણ છે. એ સંભવ નથી દેખાતું કે સંરક્ષણ ગૃહમાં અનૈતિક કામ થતાં રહે અને આસપાસના લોકોને તેના વિશે કશી ગંધ પણ ન આવે. કોઈ કારણોસર સંરક્ષણ કે આશ્રય ગૃહોમાં ગુજારો કરનારાં બાળકો, છોકરીઓ અને મહિલાઓને ગરિમામય જીવન જીવવાનો અવસર મળે, તેની ચિંતા સરકારોની સાથે સમાજે પણ કરવી પડશે. જો શાસનની સાથે સમાજ પોતાના હિસ્સાની જવાબદારી યોગ્ય રીતે નિભાવી રહ્યો હોત તો કદાચ મુઝફ્ફરપુર અને દેવરિયામાં શરમજનક ઘટનાઓ બની ન હોત.

## મનની પીડા

દુર્ઘટનાઓ હંમેશાં મનની પીડા અને સંતાપ રૂપે આપણા શરીરમાં એકત્ર થતી રહે છે. જ્યારે આપણે એ પીડાથી અત્યંત વ્યથિત હોઈએ છીએ, તો આપણી સાથે જ કંઈક ખરાબ કરી બેસીએ છીએ અથવા માર્ગમાં ખરાબ થઈ જાય છે. તેને જ દુર્ઘટનાનું નામ આપવામાં આવે છે. પરેશાનીથી આપણા માનસિક વિચાર નકારાત્મક થઈ જાય છે જે દુર્ઘટનાને ઉત્તેજન આપે છે. દુર્ઘટનાઓ ક્યારેક ક્યારેક ક્રોધની અભિવ્યક્તિ હોય છે. ક્રોધમાં વ્યક્તિ એટલો પાગલ થઈ જાય છે કે તે પોતાની સાથે થનાર અહિતની પણ પરવા નથી કરતો. પાઈથાગોરસ કહે છે કે ક્રોધ મૂર્ખતાથી શરૂ થાય છે અને પશ્ચાતાપ પર ખતમ થાય છે. તેમ છતાં કેટલાય લોકો ક્રોધથી દૂર નથી રહેતા અને દુર્ઘટનાઓને સામે ચાલીને આમંત્રણ આપે છે.

દુર્ઘટનાઓ કુંઠાનો સંકેત હોય છે, જે કેટલીય વખત બોલી નહિ શકવાની મજબૂરી મહેસૂસ કરવાથી પણ ઘટિત થાય છે. પ્રસિદ્ધ લેખિકા લુઈસ એલે 'યુ કેન હીલ યોર લાઈફ' નામના પુસ્તકમાં લખ્યું છે - 'વિપદામાં નકારાત્મક વિચારોથી લોકોની સાથે દુર્ઘટનાઓ થાય છે. તેનાથી વિપરીત સકારાત્મક ભાવોની સાથે સહજતાથી જીવન જીવનાર લોકોને જીવનભર એક ઉઝરડો સુદ્ધાં નથી પડતો. તેથી પોતાના મનમાં બીજાઓ પ્રત્યે ઈર્ષ્યા કે દ્વેષ ન રાખવો જોઈએ.' અધ્યાત્મ વ્યક્તિને શાંતિ પ્રદાન કરે છે. તેને અહિંસક બનાવે છે અને હિંસક પ્રવૃત્તિઓથી દૂર રાખે છે. જે રીતે જીવનમાં સુખ, પ્રસન્નતા અને ધનનું આવવું-જવું ચાલુ રહે છે, તે જ રીતે દુર્ઘટનાઓ પણ વ્યક્તિના જીવન સાથે જોડાયેલી છે. આકસ્મિક દુર્ઘટના સ્વાભાવિક છે, પરંતુ તે દુર્ઘટનાઓ જે જાણીજોઈને કોઈ વ્યક્તિની સાથે કરવામાં આવે છે તે ખોટી છે. જાહેર સ્થળો પર બોમ્બ વિસ્ફોટ વગેરેએ માનવ જાતિને ભયભીત કરી દીધી છે. આ તમામ આતંકવાદની પાછળ એવી દુર્ઘટનાઓ છે, જેને નકારાત્મક વિચારોથી ગ્રસ્ત વ્યક્તિઓ દ્વારા અંજામ આપવામાં આવે છે. દુર્ઘટનાઓ પરિવાર, સમાજ અને દેશને હચમચાવી દે છે. તેનાથી પરિવાર અને દેશની આર્થિક અને સામાજિક સ્થિતિ પર ફરક પડે છે. એવું નથી કે દુર્ઘટનાઓને અંજામ આપનાર તેનાથી અછૂત રહે છે, બલ્કે કુત્સિત ઈરાદાઓ સાથે વ્યક્તિઓ અને દેશને નુક્સાન પહોંચાડવાથી સ્વયંની પણ ક્ષતિ થાય છે. હૃદયના નકારાત્મક ભાવોને કાઢીને પણ દુર્ઘટનાઓને રોકી શકાય છે. જ્યારે મનમાં સુંદર વિચાર હશે તો વ્યક્તિ દેશ અને વિશ્વને સુંદર બનાવવામાં પોતાનો સહયોગ આપશે.

## શિવાજીનો અહંકાર

છત્રપતિ શિવાજીની આ વાત છે. એક વખત તેમના પ્રદેશમાં કેટલાય વર્ષો સુધી વરસાદ ન પડ્યો. સિંચાઈના અભાવમાં ખેતી કરવી પણ મુશ્કેલ થઈ ગઈ અને દુકાળની સ્થિતિ પેદા થઈ. એવામાં નક્કી થયું કે નદી પર બંધ બનાવવો જેથી આપદા વેળાએ તેના પાણીનો ઉપયોગ કરી શકાય. શિવાજીએ અનાવૃષ્ટિથી સંકટગ્રસ્ત જનતાની સહાયતા માટે બંધ બનાવવો શરૂ કરી દીધો. બંધના નિર્માણમાં સેંકડો મજૂરો જોડાયા હતા અને તેનાથી મળતી મજૂરી દ્વારા તેમને આજીવિકા મળતી હતી. એક દિવસે શિવાજી બંધનું નિરીક્ષણ કરવા ગયા. મજૂરોને તેની ખબર પડી તો તેઓ તેમની પાસે દોડતા આવ્યા અને તેમના પગમાં પડીને તેમનો આભાર વ્યક્ત કરવા લાગ્યા. આ જોઈને શિવાજીને અભિમાન થઈ ગયું કે હું જ આટલા લોકોને આજીવિકા આપું છું. જો તેમણે આ પ્રયાસ ન કર્યો હોત તો આ લોકો ભૂખે મરી જાત.

એવામાં સમર્થ ગુરુ રામદાસ ત્યાંથી પસાર થયા. શિવાજીએ તેમનો સત્કાર કર્યો. ત્યાર બાદ શિવાજી તેમની સામે પોતાની આ સિદ્ધિનાં વખાણ કરવા લાગ્યા. ગુરુ તેમની વાત સાંભળી ચૂપ રહ્યા. થોડી વાર પછી રામદાસ ચાલવા લાગ્યા, શિવાજી તેમને મૂકવા થોડે દૂર સાથે ગયા. રસ્તામાં એક પત્થર આવ્યો. રામદાસે શિવાજીને કહ્યું 'આ પત્થરને તોડી દે.' પત્થર તોડાયો તો તેની નીચે પાણી ભરેલ એક ખાડો દેખાયો, જેમાં એક દેડકી હતી. ગુરુએ આ જોઈ કહ્યું, 'આ દેડકી માટે તેં જ પત્થર નીચે તેના જીવનરક્ષા માટે વ્યવસ્થા કરી હશે ને!' આ સાંભળીને શિવાજીનો અહંકાર ચૂર-ચૂર થઈ ગયો. તે ગુરુના ચરણોમાં પડી ગયા. સમર્થ ગુરુ રામદાસે શિવાજીને આ રીતે તેમની ભૂમિકાનો બોધ કરાવ્યો.

Edi:Chunilal S. Bhatt, Printer & Pub. : Mayur C. Bhatt, Place of Pub.: 201-2-8, Nandan Compllex,Opp. Mithakhali Rly Crossing, Mithakhali, Ahmedabad-6 Place of Printing : Mahadev Offset, H-47 Ravi Estate, Rustam Mill Compound, Dudheshwar, Ahmedbada-4. Owner : Kalyani Pub. Pvt. Ltd.

# અનામતનું હાડકૂં: ન ગળી શકાય, ન ઓકી શકાય



આપણે ત્યાં છેલ્લા કેટલાક સમયથી સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની માગણી સાથે ઠેર ઠેર લોકો ઝંડા લઈને ઊભા થઈ ગયા છે. દેશનાં ઘણાં બધાં રાજ્યોમાં અનમાતની માગણી બુલંદ છે ને બધે સત્તાધીશોની હાલત હાડકું ગળામાં બરાબરનું ફસાયું હોય એવી હાલત છે. ના કાઢી શકાય કે ના ગળી શકાય. રાજકારણીઓ અનામતની માગણીને નકારી પણ શકતા પણ નથી ને આપી પણ શકતા નથી.

અનામતનો મુદ્દો મતબેંક સાથે સંકળાયેલો છે તેથી કોઈ રાજકારણી ચાંપલાશ કરવા જાય તો હાલત ખરાબ થઈ જાય તેથી કોઈ રાજકારણી સાચું બોલવા પણ તૈયાર થતો નથી. આ માહોલમાં કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારના ટ્રાન્સપોર્ટ પ્રધાન નીતિન ગડકરીએ અનામત મામલે શનિવારે જે વાતો કરી એ સાંભળીને ખરેખર આનંદ થઈ ગયો. હમણાં મહારાષ્ટ્રમાં મરાઠાઓનું અનામત આંદોલન પૂરજોશમાં ચાલુ છે ને ભાજપ સરકારની વાટ બેહાલી છે. શનિવારે ઔરંગાબાદમાં ગડકરીએ એક કાર્યક્રમમાં પધરામણી કરેલી તેથી મીડિયાએ ગડકરીને અનમાત વિશે સવાલો કર્યા. આ સવાલોના જવાબમાં ગડકરીએ જે વાતો કરી એ ભાજપના નેતાઓને કે સરકારને માફક આવે એવી નથી પણ બિલકુલ વાસ્તવિક છે. ગડકરીએ સૌથી મોટી વાત એ કરી કે, અનામતના મામલે મોટી મોંકાણ એ થઈ છે કે પછાતપણું હવે રાજકીય મુદ્દો બની ગયો છે ને પછાત ગણાવાની હોડ લાગેલી છે. ગડકરીએ બિહાર ને ઉત્તર પ્રદેશના બ્રાહ્મણોનું ઉદાહરણ પણ આપ્યું. બિહાર ને ઉત્તર પ્રદેશમાં બ્રાહ્મણો ધિંગી પ્રજા છે ને રાજકારણમાં તેમને દબદબો છે પણ હવે તેમનેય પછાત ગણાઈને અનામત લેવાના કોડ જાગ્યા છે.

ગડકરીના કહેવા પ્રમાણે, એક વિચારધારા એવી છે કે, ગરીબ ગરીબ જ હોય છે ને તેને કોઈ ધર્મ, સમાજ કે ભાષાનાં બંધનમા ના બાંધી શકાય. હિંદુ હોય, મુસ્લિમ હોય, મરાઠા હોય કે બીજું કોઈ હોય, દરેક સમાજમાં એવો વર્ગ છે જ કે જેની પાસે પહેરવા કપડાં નથી, ખાવા અનાજ નથી. આ લોકો ગરીબમાં પણ ગરીબ છે ને આપણે દરેક સમાજનાં આવાં લોકોને ધ્યાનમાં લઈને અનામતનો લાભ આપવો જોઈએ એવો એક વિચાર છે.

ગડકરીએ એ પછી મુદ્દાની વાત કરી કે, અત્યારે બધા અનામતની માગણી સાથેના ઝંડા લઈને ઊભા થઈ ગયા છે પણ માનો કે તેમને અનામત આપી દઈએ તો પણ નોકરીઓ જ ક્યાં છે ? ઈન્ફર્મેશન ટેકનોલોજીના કારણે બેંકોમાં રોજગારી ઘટી ગઈ છે ને સરકારમાં ભરતી જ થતી નથી ત્યારે નોકરીઓ છે ક્યાં ? ગડકરીએ જે વાત કરી એ સોળ આના સાચી છે ને ખરેખર તો તેમણે દેશનાં લોકો સામે એક વિચારણીય મુદ્દો મૂક્યો પણ કમનસીબે આપણે ત્યાં લોકોને મૂળ વાતમાં રસ નથી પડતો ને બીજી ફાલતું વાતોમાં રસ પડી જાય છે. ગડકરીની વાતમાં પણ એવું જ થયું. ગડકરીની મૂળ વાત પછાત ગણાવાની હોડ લાગેલી છે તેની હતી ને એ વાતમાં કોઈને રસ નથી પડ્યો પણ બીજી બધી પારાયણ શરૂ કરી દેવાઈ. ગડકરીની વાતમાંથી પહેલો તો એવો અર્થ કઢાયો કે, કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર અનામતનાં ધારધોરણો બદલવા માગે છે ને અત્યારે જે જ્ઞાતિ આધારિત અનામત છે તેનું પડીકું કરીને આર્થિક ધોરણે અનામત દાખલ કરવા માગે છે.

આ વાત કેટલાય સમયથી ચાલે જ છે. રામ જાણે આ વાત ક્યાંથી આવી પણ મોદી કેબિનેટની જ્યારે પણ બેઠક મળે ત્યારે ત્યારે આ પડીકું રમતું કરી જ દેવાય છે. હજુ બે દિવસ પહેલાં જ આ વાત વહેતી થયેલી ને તેમાં ગડકરી બોલ્યા એટલે કાગનું બેસવું ને ઝાડનું પડવું જેવો ઘાટ થઈ ગયો. જોરશોરથી પાછી વાતો શરૂ થઈ ગઈ. આપણે ત્યાં લોકો ઝાઝું વિચારતાં નથી ને આવાં હઈસો હઈસો ચાલ્યાં તેમાં ઘણી સરકારો ઘરભેગી થયેલી છે. ભાજપ અત્યારે આમ પણ ભીડમાં છે ત્યારે આ બધું તેને સાવ પરવડે એમ નથી એટલે ગડકરીએ તાબડતોબ ટ્વીટ કરીને ચોખવટ કરવી પડી. ગડકરીએ કહેવું પડ્યું કે, બાપલા કેન્દ્ર સરકાર જ્ઞાતિ આધારિત અનામતને બદલીને આર્થિક અનામત લાવવા માગે છે એવી વાતો મારા નામે ચલાવાય છે એ ખોટી છે ને કેન્દ્રનો એવો કોઈ ઈરાદો નથી. ગડકરીએ જે કંઈ કહેલું તેમાંથી બીજી વાત એ પકડી લેવાઈ કે, અત્યારે દેશમાં નોકરીઓ જ નથી. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર આર્થિક વિકાસના ફડાકા મારે છે ને દેશમાં જંગી પ્રમાણમા રોજગારી ઉભી થયાની વાતો કરે છે ત્યારે ગડકરી જુદું જ વાજુ વગાડે છે એવી વાતો ચાલી. ગડકરીએ જે કંઈ કહ્યું એ સરકારી નોકરીઓના સંદર્ભમાં છે ને તેમની વાત સાવ સાચી છે. સરકારી નોકરીઓ ઘટતી જ જાય છે ને અત્યારે ખાનગી ક્ષેત્ર વધારે રોજગારી આપે છે. બીજી તરફ જે રીતે ટેકનોલોજી હાવી થતી જાય છે એ જોતાં ભવિષ્યમાં સરકારી નોકરીઓ દુર્લભ થઈ જવાની છે. સરકારને પણ તંત્ર ચલાવવું પડે છે એટલે માણસો તો રાખવા પડે પણ હવે પહેલાં જેટલા માણસો નથી જોઈતા એ હકીકત છે. સરકારી કર્મચારીઓ ધોળા હાથી છે ને તોતિંગ પગારો લઈ જઈને તેના બદલામાં કશું કરતા નથી તેના કારણે પણ સરકાર નવી ભરતીથી હાથ ખંખેરી રહી છે. આ સંજોગોમાં સરકાર અનમાતની જોગવાઈઓ કરે તેના કારણે પણ ઝાઝો ફાયદો નથી જ ને ગડકરી સાવ સાચા છે. તકલીફ એ થઈ કે, ગડકરીએ કહેલી સાચી વાતને રાજકીય રંગ આપીને મૂકી દેવાઈ. આપણે ત્યાં બધી વાતમાં રાજકારણ ઘૂસી ગયું છે તેથી તેનો કોઈ ઈલાજ નથી પણ ગડકરીએ જે મૂળ વાત કરી છે તેના વિશે વિચાર કરવાની જરૂર છે જ. અનામતનો ઉદ્દેશ સમાજમાં આર્થિક ને શૈક્ષણિક રીતે પછાત રહી ગયેલાં લોકોને સમાન તક આપવાનો હતો. આદિવાસી સમાજ વરસો લગી જંગલોમાં રહ્યો ને તેમના વિકાસ માટેની કોઈ સવલતો જ ના ઊભી કરાઈ તેથી એ સમાજ અનામતનો હકદાર હતો. દલિતો પર તો વરસો લગી અત્યાચારો થયા ને તેમને માણસ ગણવાના બદલે પશુ ગણીને એવો વ્યવહાર કરાયો તેથી દલિતો પણ અનામતના

હકદાર હતા. તેમના માટે અનામતની જોગવાઈ કરાઈ તેમાં કશું ખોટું નહોતું ને એ અનામત અત્યારે પણ યોગ્ય છે પણ તકલીફ મતબેંકની લ્હાયમાં બીજી જ્ઞાતિઓને પણ અનામતની ખૈરાત કરવાનો ખેલ અન્ય પછાત વર્ગ (ઓબીસી)ના નામે શરૂ થયો ને મોંકાણ મંડાઈ. એ વખતે ખરેખર અનામત આપવાનો આધાર આર્થિક પછાતપણું હોવો જોઈતો હતો પણ તેના બદલે મતબેંકો ઊભી કરવા જ્ઞાતિનો આધાર રખાયો. આ જ્ઞાતિઓમાં ઘણી જ્ઞાતિઓ એવી હતી કે જેમને ખરેખર અનામતની જરૂર નહોતી છતાં તેમને અનામતનો લાભ અપાયો કે જેથી

પોતાની મતબેંક ઊભી થાય. આ જ્ઞાતિઓનાં લોકો આર્થિક રીતે સવર્ણોની સમકક્ષ જ હતાં ને સવર્ણો સાથે સામાજિક સંબંધો પણ હતા છતાં તેમને અનામતનો લાભ મળ્યો તેમાં વધારે તાકતવર બન્યાં. તેના કારણે બીજી જ્ઞાતિઓમાં અસંતોષ ઊભો થયો ને પરિણામે અનામતના ઝંડા લઈને લોકો ઊભા થવા માંડ્યા. ગડકરી કહે છે તેમ, પછાતપણાની હોડ જ શરૂ

થઈ. આ હોડ દેશ માટે ઘાતક છે ને દેશ પાછો જ્ઞાતિવાદી વિભાજન તરફ ધકેલાઈ રહ્યો છે પણ કોઈનામાં સાચું કહેવાની હિંમત નથી તેથી તેને આ હોડ બંધ થવાની નથી.

ગડકરીએ સાચી વાત કરી તેમાં શંકા નથી પણ એ એક વાત ગૂપચાવી ગયા. અત્યારે પછાતપણાની જે હોડ જામી છે તેના માટે જવાબદાર કોણ એ વાત તેમણે ના કરી. આ હોડ માટે જવાબદાર રાજકારણીઓ જ છે. વી.પી. સિંહે મંડલ પંચની ધૂળ ખાતી ભલામણો વખારમાંથી કાઢી તેમાં મોંકાણ મંડાઈ ને પછાતપણાની હોડ તેમાં જ શરૂ થઈ. આ હોડને રાજકીય પક્ષોએ જ પોષી છે. મરાઠા, ગુર્જર, જાટ, પાટીદાર, કાપુ આ બધા સમાજની અનામતની માગણીઓ પાછળ રાજકીય દોરીસંચાર જ છે એ કહેવાની જરૂર નથી. રાજકારણીઓ આ ધંધો બંધ કરે તો આ હોડ બંધ જ થઈ જાય. ગડકરીએ એ વાત એ ગૂપચાવી કે, પછાતપણાને રાજકીય મુદ્દો પણ રાજકારણીઓએ જ બનાવ્યો.

## કલમ ૩૫-અ દૂર થશે કે માત્ર દેકારો થશે?

જમ્મુ અને કાશ્મીરમાં પાછી હોળી સળગી છે ને આ વખતે કારણ જમ્મુ અને કાશ્મીરના કાયમી નિવાસીઓને વિશેષાધિકારો આપતી આપણા બંધારણની કલમ ૩૫ છે. સુપ્રીમ કોર્ટમાં સોમવારે આ કલમ પર સુનાવણી હતી ને એ પહેલાં જ કાશ્મીરમાં આ સુનાવણી સામે જ કકળાટ શરૂ થઈ ગયેલો. જમ્મુ અને કાશ્મીરમાં જેમને ભારત સામે વાંધો છે એ બધા લખોટાઓએ ભેગા મળીને જોઈન્ટ રેઝિસ્ટન્સ લીડરશીપ (જેઆરએલ) નામનો તંબૂ ઊભો કર્યો છે.

સોશિયલ મીડિયા પર પણ કાશ્મીરીઓ મચી પડ્યા છે ને કોમેન્ટ્સનો મારો ચાલી રહ્યો છે. આ કોમેન્ટ્સનો સૂર એ છે કે, બંધારણની કલમ ૩૫ એ નાબૂદ કરવાની કોઈ પણ હિલચાલ ચલાવી નહીં લેવાય ને એવું થશે તો કાશ્મીર પાછું ભડકે બળશે. આ કલમના બહાને ભાજપ ને કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારના વિરોધીઓને તેમને ભાંડવાનો મોકો મળી ગયો છે એટલે તેમની સામે પણ ઝેર ઓકાઈ રહ્યું છે. એક કાશ્મીરી આઈએએસ અધિકારીએ તો એવી કોમેન્ટ કરી કે, બંધારણની કલમ ૩૫ એ નાબૂદ કરવાનો અર્થ તલાક છે. આ કલમ ભારતને જમ્મુ અને કાશ્મીર સાથે જોડી રાખે છે, પણ આ કલમ દૂર કરાઈ તો પછી કોઈ સંબંધ નહીં રહે. આ કોમેન્ટ પણ આડકતરી રીતે ધમકી જ છે ને તેનો સીધો અર્થ એ થાય કે, બંધારણની કલમ ૩૫ એ દૂર થઈ તો કાશ્મીરીઓ ભારત સાથેના બધા સંબંધો પૂરા કરી દેશે. કાશ્મીર મામલે ભાજપ સત્તામાં નહોતો ત્યારે મોટી મોટી વાતો કરેલી ને પોતે સત્તામાં આવશે તો ભડાકા કરી નાખશે એવી હવા જમાવી દીધેલી. સત્તામાં આવતાં જ ભાજપનું બધું પાણી ઊતરી ગયું ને હવા નિકળી ગઈ. ભાજપે કાશ્મીર મામલે જે પણ વાતો કરી એ બધી વાતોમાં શિર્ષાસન કરી નાખ્યું છે. બંધારણની કલમ ૩૭૦ની વાત હોય કે હુર્રિયત કોન્ફરન્સના નેતાઓને પાંસરા કરવાની ડંફાશો હોય, ભાજપ બધી વાતોમાં પાણીમાં બેઠો છે. કલમ ૩૫ એના મામલે પણ એ જ થયું છે ને વોહરાએ આવો કાગળ લખવો પડ્યો છે કેમ કે ભાજપ પાણીમાં બેઠો છે.

આ કલમને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં સંગઠનો વતી વી ધ સિટીઝન્સ નામને સંગઠને પડકારી છે. સુપ્રીમ કોર્ટે આ મામલે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર ને જમ્મુ તથા કાશ્મીરની મહેબૂબા મુફ્તી સરકાર પાસે જવાબ માગેલો. મહેબૂબા મુફ્તી સરકારે આ કલમ ચાલુ રાખવાની ચોખ્ખી તરફેણે કરેલી, જ્યારે મોદી સરકારે ગોળ ગોળ જવાબ આપેલો. ભાજપ સત્તામાં નહોતો ત્યારે આ કલમ નાબૂદ કરવાની વાત કરતો હતો પણ હવે સત્તામાં છે ત્યારે મોદી સરકારે આ કલમ નાબૂદ કરવાની ચોખ્ખી તરફેણ નથી કરી. તેના બદલે કેન્દ્ર સરકાર વતી એડ્વોકેટ જનરલ કે. વેણુગોપાલે એવો જવાબ રજૂ કરેલો કે, બંધારણની કલમ ૩૫ એ સામે થયેલી અરજી ઘણા સંવેદનશીલ સવાલો ઊભા કરે છે ને તેના પર વ્યાપક ચર્ચા જરૂરી છે. ભઈ, વ્યાપક ચર્ચા એટલે શું ? કાં કલમ નાબૂદ થવી જોઈએ, કાં ના થવી જોઈએ. ભાજપ અત્યાર લગી ખોંખારા ખાતો હતો એ જોતાં તો મોદી સરકારે આ કલમ નાબૂદ કરવાની વાત કરવાની હોય પણ તેના બદલે ભાજપ સરકાર દૂધ ને દહીં બંનેમાં પગ રાખીને પાણી વિનાની સાબિત થઈ. રાજ્યપાલ વોહરા અત્યારે કાશ્મીરના કર્તાહર્તા ખરા પણ એ ચિઠ્ઠીના ચાકર છે.

## અમદાવાદ-બોટાદ ટ્રેન માટે હજુ એક વર્ષથી વધુ રાહ જોવી પડશે

**અમદાવાદ:** બોટાદ અમદાવાદ બ્રોડગેજ કન્વર્ઝન યોજના પૂરી થવા આડે શંકા સેવાઈ રહી છે. વર્ષ ૨૦૧૮ સુધીમાં બ્રોડગેજ કન્વર્ઝન યોજના પૂરી થાય તેવી કોઈ સંભાવના નહીં દેખાતા આ રૂટ પર ચાલતી ટ્રેનોમાં પ્રવાસ કરનારા મુસાફરોએ હજુ એક વર્ષ જેટલા સમયની રાહ જોવી પડશે. રેલવેનાં આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર રેલવે વિકાસ નિગમ લિમિટેડ દ્વારા ભાવનગર રેલવે ડિવિઝનના બોટાદ-સાબરમતી (અમદાવાદ) મીટર ગેજ ટ્રેકને બ્રોડગ્રેજમાં કન્વર્ઝન કરવાની કામગીરીની શરૂઆત સપ્ટેમ્બર ૨૦૧૭માં કરવામાં આવી હતી. આગામી ડિસેમ્બર ૨૦૧૮ સુધીમાં તેને પૂરું કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો હતો. હાલમાં રેલવે વિકાસ નિગમ દ્વારા સ્થાનિક રેલવે તંત્રના સંકલનથી અમદાવાદ અને બોટાદ વચ્ચેના ૧૭૧ કિલોમીટર મીટરગેજ ટ્રેકને બ્રોડગેજમાં ફેરવવાની કામગીરી ચાલી રહી છે. આ કામગીરીમાં અમદાવાદ અને બોટાદ વચ્ચેના ટ્રેક પર બ્રિજ બનાવવાનું કામ પૂરું થયું છે. સ્ટેશનો બનાવવાની કામગીરી પણ સમયસર પૂરી થશે ત્યારે બાદ મીટર ગેજ ટ્રેકને ઉખાડીને તેની જગ્યાએ બ્રોડગેજ ટ્રેકની જે માગ છે તેના પ્રમાણમાં પુરવઠો માત્ર ૫૦ ટકા છે. સૂત્રોના જણાવ્યા મુજબ બ્રોડગેજના પાટા બનાવવાની કામગીરી અને પ્રોડકશન માત્ર ૫૦ ટકા થઈ રહ્યું છે. સમગ્ર ભારતમાં આ પરિસ્થિતિ સર્જાઈ ત્યારે પાટાની અછતના કારણે અમદાવાદ બોટાદ વચ્ચેનો મીટર ગેજ ટ્રેક કન્વર્ઝનની કામગીરી નિશ્ચિત સમયમાં પૂરી થવાની શક્યતા નહીંવત છે.

**Hawa Engineers Limited**
**CIN : L29120GJ1993PLC019199**
**Registered office: Plot No. 129, Narol Road, Near Kashiram Textile Mill, Ahmedabad ,Gujarat ,382405**
**Email- riyaz@hawaengled.com**

**NOTICE**

Pursuant to Regulation 29 read with Regulation 47 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 (Listing Regulations), Notice is hereby given that a meeting of the Board of Directors of the Company is scheduled to be held on Tuesday, 14th August, 2018, inter alia, to consider and approve standalone Unaudited financial results of the Company for the quarter ended June 30, 2018.

The said Notice may be accessed on the Company's website at http://hawaengltd.com / and may also be accessed on the Stock Exchange websites at http://www.bseindia.com.

Pursuant to this, the Company has decided that the close period (i.e. closure of trading window) would commence from 6.00 p.m. on 10th August, 2018 and end 48 hours after the results are made public.

**For Hawa Engineers Limited,**
Sd/-
**Aslam F Kagdi**
**Chief Financial officer and Director**

**Date : 09/08/2018**
**Place : Ahmedabad**

**ASYA INFOSOFT LIMITED**
H.N. House, 4th Floor, Nidhi Complex, Stadium 5 Roads, Navrangpura, Ahmedabad 380009
Phone: 07926462334, email: sayainv@gmail.com,
web: www.sayait.com
**CIN NO: - L72900GJ1985PLC029849**

**NOTICE**

Notice is hereby given pursuant to Regulation 29 read with Regulation 47 of SEBI (Listing obligations & disclosure Requirements) Regulations 2015 that the 3rd (03/2018-19) Meeting of the Board of Directors of Asya Infosoft Limited is scheduled to be held on Tuesday, 14th August,2018 at the registered office to consider and take on record the Unaudited Financial Results for the quarter ended on 30th June, 2018.

**For ASYA Infosoft Limited**
Sd/-
Ketan. N. Shah
Managing Director
(DIN:00913411)

Place :- Ahmedabad
Date :- 08-08-2018

**ઇન્ટરેક્ટીવ ફાઈનાન્સિયલ સર્વિસીસ લીમીટેડ**
એ -૧૦૦૬, પ્રીમીયમ હાઉસ, હેન્ડલુમ હાઉસ પાછળ, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત, ભારત.
**CIN: L65910GJ1994PLC023393,** ફોન નં. **+91-79-2658-1240**
**www.ifinservices.com, info@ifinservices.com**

**નોટીસ**

આથી અહી નોટીસ આપવામાં આવે છે કે સેબી (લિસ્ટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસક્લોઝર રિકવાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના રેગ્યુલેશન ૨૯(૧)(એ) સાથે રેગ્યુલેશન ૪૭ વાંચતા તેની હેઠળ ૩૦મી જુન, ૨૦૧૮ના રોજ પૂરા થતા કંપનીના ક્વાર્ટરના અંતના અનઓડીટેડ ફાયનાન્સિયલ રિઝલ્ટ્સ ને ધ્યાન પર અને રિકાર્ડમાં લેવા કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ કે જે એ-૧૦૦૬, પ્રિમીયમ હાઉસ, હેન્ડલૂમ હાઉસ પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ- ૩૮૦૦૦૯ ખાતે આવેલ છે ત્યાં **૧૪મી, ઓગસ્ટ, ૨૦૧૮ (મંગળવાર)સાંજે ૬.૦૦ વાગ્યે** કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરોની મીટીંગ મળનાર છે.

**બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના ઓર્ડર વતી**
**સહી/-**
**શ્રી ઉદયન માંડવિયા**
**મેનેજિંગ ડિરેક્ટર**
**ડીન : ૦૦૭૪૦૬૧૫**

**તારીખ : ૦૮/૦૮/૨૦૧૮**
**સ્થળ : અમદાવાદ**

**જાહેર નોટીસ**

**ICICI Bank**
**ICICI Bank Limited**
**રજિસ્ટર્ડ ઓફિસ :** લેન્ડમાર્ક, રેસ કોર્સ સર્કલ, વડોદરા-૩૯૦ ૦૦૭.
**કોર્પોરેટ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા-કુર્લા કોમ્પલેક્ષ, મુંબઈ ૪૦૦ ૦૫૧.

**સોનાની હરાજી અને આમંત્રણની નોટિસ**

નીચે જણાવેલાં અરજદારોને આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ(''આઈસીઆઈસીઆઈ બેંક'') દ્વારા સોનાના દાગીના સામે તેમને અપાયેલી લોન (સવલત) બાકી નિકળતી રકમને પરત ભરપાઈ કરવા માટે નોટિસ આપવામાં આવી છે. સવલત હેઠળ અપાયેલી રકમને પુનઃચુકતે કરવામાં કરજદારો નિષ્ફળ નીવડ્યા હોવાથી **૨૦ ઓગસ્ટ, ૨૦૧૮ના** રોજ ગીરવે મુકાયેલાં સોનાનાં દાગીનાની હરાજી કરવાની અમને ફરજ પડી છે.આ હરાજીમાંથી જો વધારાની રકમ પ્રાપ્ત થશે તો તેને સંબંધિત કરજદારોને પરત ચુકવાશે અને હરાજી પછી જો કોઈ ઘટ પડશે તો યોગ્ય કાનૂની કાર્યવાહી મારફતે સંબંધિત કરજદાર પાસેથી બાકી રહેલી રકમ વસૂલ કરાશે. કોઈપણ પૂર્વ માહિતી કે સૂચના આપ્યા વિના જ હરાજીમાંથી નીચે જણાવેલાં ખાતાઓમાથી કોઈને પણ દૂર કરવાની સત્તા આઈસીઆઈસીઆઈ બેંક પાસે છે. તદુપરાંત, કોઈપણ પૂર્વ સૂચના આપ્યા વિના ઓક્શન ડેટ (હરાજીની તારીખ)ને બદલવાનો અધિકાર આઈસીઆઈસીઆઈ બેંક પાસે રાખે છે.

| લોન ખાતા નંબર | ગ્રાહકનું નામ |
|---|---|
| શાખાનું નામ : અમદાવાદ- ઘાટલોડિયા | |
| 346305000146 | શ્વેતા શાહુ કદમ |
| શાખાનું નામ : અમદાવાદ- નિકોલ | |
| 346705000451 | વિજયકુમાર એ. શર્મા |
| શાખાનું નામ : અમદાવાદ- પ્રેરણાતીર્થ | |
| 231305000197 | ભટ્ટ મીના જિતેન્દ્ર |
| શાખાનું નામ : અમદાવાદ- અખબારનગર | |
| 084505000843 | ચેતન બળદેવભાઈ જાની |
| 084505001169 | સુથાર ભાવેશકુમાર મનસુખભાઈ |
| શાખાનું નામ : બાવળા | |
| 049605001607 | પુજમભાઈ બી મકવાણા |
| 049605002982 | દેવાભાઈ ખોડાભાઈ ભરવાડ |
| 049605003644 | ભગવતસિંધ મંગળસિંધ વાઘેલા |
| 049605003702 | સલીમભાઈ આદમભાઈ ખલીફા |
| 049605004467 | ઘનશ્યામભાઈ બરાડ |
| 049605004469 | પપ્પુભાઈ રતીલાલ દેવીપુજક |
| શાખાનું નામ : ભરૂચ | |
| 017805004648 | અજીતસિંધ જયસિંધ ગોહિલ |
| શાખાનું નામ : દહેગામ | |
| 171805004878 | પ્રવિણભાઈ પનસુરીયા |
| 171805006634 | સાબેરાબેન અમીરઅલી કાઝી |
| 171805006650 | રણછોડભાઈ રબારી |
| 171805002931 | ખેગરજી રબારી |
| 171805002918 | રાજુભાઈરબારી |
| 171805004992 | જામાભાઈ રાયકા |
| 171805006604 | નવલસિંધ ચૌહાણ |
| 171805006583 | જયેશભાઈ ભીખાભાઈ રબારી |
| 171805006590 | મનીષકુમાર રાજાભોઈ |
| 171805006600 | જિતેન્દ્રકુમાર જશવંતસિંધ પરમાર |
| 171805006603 | ભમરસિંધ ચૌહાણ |
| 171805006610 | બિમલકુમાર ભાનુપ્રસાદ ત્રિવેદી |
| 171805006635 | દશરથભાઈ શકરાભાઈ પટેલ |

| લોન ખાતા નંબર | ગ્રાહકનું નામ |
|---|---|
| 171805006649 | શિવાભાઈ રબારી |
| 171805006661 | રાજુભાઈ ગાંડાજી સોલંકી |
| 171805006674 | કલ્પેશ દેસાઈ |
| શાખાનું નામ : ધોળકા | |
| 182905002266 | બિસમલ્લાખાન રસૂલખાન પઠાણ |
| 182905002350 | બીપીનચન્દ્ર છોટાલાલ કાપ |
| 182905003530 | હર્ષદભાઈ મનુભાઈ પરમાર |
| 182905003441 | ખોડુભાઈ ચન્દનસંગ પરમાર |
| 182905003488 | મુકેશભાઈ એમ વાઘેલા |
| 182905003682 | જેસિંધભાઈ બુટાભાઈ ભરવાડ |
| 182905004648 | અરજનભાઈ બાલાજી ઠાકોર |
| 182905004663 | શંકરભાઈ ગોવિન્દભાઈ રાઠોડ |
| શાખાનું નામ : ગાંધીનગર | |
| 016505004773 | વાલા બાબુ ભીમા |
| શાખાનું નામ : ગાંધીનગર- ઈન્ફોસિટી | |
| 118305007687 | કિશોરભાઈ મણિભાઈ ત્રિવેદી |
| શાખાનું નામ : હિમ્મતનગર | |
| 045205009017 | લક્ષ્મણલાલ મીણા પુત્ર ધુલાજી |
| શાખાનું નામ : ઈડર | |
| 171905004565 | દિનેશભાઈ વિરસંગભાઈ પટેલ |
| 171905004684 | આત્મનકુમાર ભરતભાઈ રાવલ |
| 171905004556 | કમલેશકુમાર ગોવાભાઈ પરમાર |
| શાખાનું નામ : ઝગડીયા | |
| 380405000422 | નરેન્દ્રસિંહ અમરસિંહ પરમાર |
| 380405000423 | ભાવેશ એલ પટેલ |
| શાખાનું નામ : કડી | |
| 044205008493 | નબીભાઈ ઈમામભાઈ મલેક |
| 044205008507 | પુરૂષોત્તમભાઈ રામાભાઈ વણકર |
| 044205008509 | નારાયણભાઈ વાલજીભાઈ પટેલ |
| શાખાનું નામ : કરજણ | |
| 213105000915 | દત્તુભાઈ રમણભાઈ પટેલ |
| 213105003893 | કાંતિભાઈ એમ. પટેલ |
| શાખાનું નામ : માણસા- યાજ્ઞીનીચેમ્બર્સ | |
| 172005003714 | મીત્તલબેન દલુભાઈ ચૌધરી |
| 172005004147 | દિલીપસિંધ વાઘેલા |

| લોન ખાતા નંબર | ગ્રાહકનું નામ |
|---|---|
| 172005004161 | જશીબેન અમૃતલાલ ચૌધરી |
| 172005004954 | રાજેશભાઈ બેચરભાઈ ચૌધરી |
| શાખાનું નામ : મહેસાણા | |
| 025705004843 | કમલેશભાઈ પટેલ |
| શાખાનું નામ : પાટણ | |
| 038005004019 | ધુદાભાઈ લખીરામભાઈ બ્રાહ્મણ |
| શાખાનું નામ : સંખેડા | |
| 382405000929 | વિઠ્ઠલભાઈ સાનાભાઈ બારીયા |
| 382405000793 | વિજયભાઈ અરવિન્દભાઈ બારીયા |
| 382405000845 | મનહરભાઈ જગાભાઈ નાયકા |
| શાખાનું નામ : સિધ્ધપુર | |
| 183405004272 | કાંતિજી છનાજી ઠાકોર |
| 183405004235 | સિકનખારખાનલીબેધખાન પઠાણ |
| 183405004261 | સંજયકુમાર બાબુલાલ પટેલ |
| 183405004276 | ભુપેન્દ્રકુમાર અમૃતલાલ કવિરાજ |
| શાખાનું નામ : તલોદ- ગુજરાત | |
| 363405000773 | રાયમલભાઈ સહદેવભાઈ દેસાઈ |
| 363405000667 | ઝાલા વિક્રમસિંધ |
| 363405001433 | સુરેશસિંધ રઘુસિંધ ઝાલા |
| 363405001454 | મોતીભાઈ કિશોરભાઈ પટેલ |
| 363405001972 | નરેન્દ્રસિંધ હાથીસિંધ ઝાલા |
| 363405001974 | જશવંતજી પ્રતાપજી પરમાર |
| શાખાનું નામ :ઊંઝા | |
| 042905003834 | ભરતભાઈ લાલુભાઈ દેસાઈ |
| શાખાનું નામ :વડોદરા આત્મજ્યોતિ આશ્રમ રોડ | |
| 341005000073 | બલરામસિંધ રાજેન્દ્ર સિંધ ઝાલા |
| શાખાનું નામ :વડોદરા - ગોત્રી રોડ | |
| 184105000257 | કમલેશ રમેશચન્દ્ર પટેલ |
| શાખાનું નામ : વિરમગામ | |
| 098905004377 | રમણભાઈ ખુશાલભાઈ પટેલ |
| 098905003466 | સમતાબેન રાજુભાઈ પરમાર |
| શાખાનું નામ : વિસનગર | |
| 140305002568 | વિજયકુમાર બી પટેલ |

હરાજી ઓનલાઈન http://Jewel-auction.procuretiger.com પર બપોરના ૧૨.૩૦થી બપોરના ૩.૩૦ વાગ્યાની વચ્ચે ' ૨૦મી ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ **યોજાશે.** વધુ માહિતી, નિયમો અને શરતો અને હરાજીમાં ભાગ લેવા માટેની નોંધણી ઠરાવવા, ઈચ્છુક ખરીદનારાઓ વેબસાઈટમાં લોગ ઈન થાય અથવા હરાજીના પોર્ટલ પર અથવા તો બેંકનો સંપર્ક કરો. ખાસ નોંધ લો કે જો સમયમર્યાદામાં આ હરાજી પૂર્ણ થશે તો તેના પછીના દિવસે આ નિયમો અને શરતોનો આધીન હરાજી ચાલૂ રહેશે.-જો ગ્રાહક મૃત્યુપામ્યા હશે તો તે કિસ્સામાં તેમના કાનૂની વારસદારોને પણ ઓક્શન (હરાજી)ને લગતી તમામ શરતો લાગુ પડશે.

સહી/-
**ઓથોરાઇઝ્ડ ઓફિસર**
**આઈસીઆઈસીઆઈ બેંક લિમિટેડ વતી**

**તારીખ : ૧૦.૦૮.૨૦૧૮**
**સ્થળ : અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, વડોદરા, ભરૂચ**